**જાતિય રોગો એટલે શું**

જાયિયરોગો મુખ્યત્વે જાતિય સમાગમથી ફેલાય છે. જેમાં ગોનોરીયા, કલેમાઈડીયા, સીફીલીસ, જેનીટલ હર્પીસ, મસા, સેન્ક્રોઈડ વગેરે જોવા મળે છે. આ રોગો આપણા ગુપ્તાંગોની આસ–પાસ થાય છે જેથી તેને ગુપ્તરોગો પણ કહેવામાં આવે છે.

**(૧)ગોનોરીયા અને કલેમાઈડીયા** બન્ને જાતિય સમાગમ દ્વારા ફેલાય છે. તેમજ બન્ને શરૂઆતમાં એકજ સરખા ચિન્હો ધરાવે છે.

**ચિન્હો** – પુરૂષોમાં પેશાબ કરતી વખતે દુઃખાવો થવો, કયારેક વૃષણમાં પીડાદાયક સોજો આવે. શિષ્નમાંથી પરૂ નિકળે. સ્ત્રીઓમાં શરૂઆતમાં કોઈ લક્ષણો જોવા મળતા નથી. કયારેક પેશાબ કરતી વખતે સાધારણ બળતરા થાય અથવા યોનીમાંથી સાધારણ પરૂ કે રસી આવે. સગર્ભા સ્ત્રીને આ રોગ થયો હોય અને સમયસર સારવાર ન લેવામાં આવી હોય તો બાળકને પણ થઈ શકે બાળક અંધ થઈ શકે.

અઠવાડીયા કે મહિનાઓ બાદ પુરૂષોમાં ઘુંટણ, ઘુંટી, કાંડા વિ. સાંધાઓમાં સોજો આવે અથવા દુઃખાવો થાય. આખા શરીર પર ચાઠા કે દાણા ઉભરાય, સ્ત્રીઓમાં પેડુમાં દુઃખાવો થાય. માસિક સ્ત્રાવ સબંધી સમસ્યા થાય.

**(૨)સીફીલીસ** આ જાતિય સમાગમ દ્વારા ફેલાય છે.

**ચિન્હો** – તેમાં ગૃપ્તેન્દ્રિય ઉપર શેન્ડર નામથી ઓળખાતુ ચાંદુ પડે છે ચેપ ધરાવતી વ્યકિત સાથે સમાગમ કર્યા પછી ૨ થી ૫ અઠવાડીયાની અંદર ચાંદુ પડે છે. તે ખીલ, ફોલ્લા કે ખુલ્લા ચાંદાના સ્વરૂપે દેખાય છે. સામાન્ય રીતે પુરૂષોના ગૃપ્તાંગ પર ચાંદુ થાય છે પણ કયારેક હોઠ, આંગળી, ગુદા કે મોમાં પણ થઈ શકે છે. આ ચાંદા પીડા રહિત હોય છે. જેથી સ્ત્રીને યેનીની અંદર આવુ ચાંદુ હોય તો ખબર પડતી નથી. આ ચાંદુ સીફીલીસના જીવાણુથી ભરપુર હોય છે. જેથી સમાગમ દરમ્યાન અન્ય વ્યકિતને ફેલાય છે. આ ચાંદુ થોડા દિવસોમાં આપમેળે રૂઝાઈ જાય છે અને આખા શરીરમાં પ્રસરે છે. અઠવાડિયા કે મહિના બાદ ગળામાં દુઃખાવો, સાધારણ તાવ, મોમાં ચાંદી અથવા સાંધામાં સોજો થાય. ગૃપ્તાંગ પર ચાંદુ કે ખીલ થયા બાદ શરીર પર દાણા કે ચાંઠા ઉભરાઈ આવે તો તે સિફીલીસનુ ચિન્હ હોઈ શકે છે. શંકા જણાય તો ડોકટરની સલાહ લેવી જરૂરી છે.

**(૩)લ્યુબોઝ** જાંઘના મૂળ પાસે આવેલી લસીકાગ્રંથીઓમાં જાતિય સમાગમ દ્વારા આ રોગ લાગુ પડે છે.

**ચિન્હો** – પુરૂષોમાં જાંઘના મૂળ પાસે આવેલી લસીકાગ્રંથીઓમાં મોટી ઘેરી ગાંઠો થાય છે. સમય જતા તે આપમેળે ફૂટી જાય છે. રૂઝાય છે અને ફરી ફરીને ફાટે છે.

સ્ત્રીઓમાં પુરૂષોમાં જોવા મળે છે તેજ પ્રકારની ગાંઠો જાંઘના મૂળ આગળ થાય છે. અથાવ ગુદા દ્વાર આગળ પીડાદાયક, રસી ઝરતા ચાંદા જોવા મળે છે.(વધુ આવતા અંકે)

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521
Date Of Issue 1st of month

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૩૧,ઓમનગર(૩), ગોકુલ ગાર્ડન સામે,
હનુમાનપરા રોડ, અમરેલી–૩૬૫ ૬૦૧
☎(૦૨૭૯૨) ૨૫૧૫૭,૩૦૮૮૯,૨૩૫૨૫
Fax : 02792 30880 E-mail : hard@ad1.vsnl.net.in

**વોટરશેડ એટલે શું :** કોઈ પણ નદી નાળા વોકળામાં જેટલા વિસ્તારનુ વરસાદનુ પાણી આવતુ હોય તે સમગ્ર વિસ્તારને વોટરશેડ કહેવામાં આવે છે. એટલે કે વરસાદનુ પાણી જમીન પર પડે અને ઢાળની દિશામાં તે વહેવા માંડે છે અને સમગ્ર પાણી ભેગુ થઈ એક જગ્યાએથી વહે છે, એટલે કે ભેગુ થયેલ પાણી જેટલા વિસ્તારમાંથી આવ્યુ તે સમગ્ર વિસ્તારને વોટરશેડ કહે છે. જે વિસ્તાર નાના અથવા મોટા પણ હોઈ શકે.

**ઉદેશો :** (૧) વોટરશેડ ઉપર પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે આધારિત હોય તેવા ગ્રામ્ય સમુદાયનો સામાજીક, આર્થિક વિકાસ વેગવંતો બનાવવો.(૨) વધતુ જતુ પર્યાવરણીય, નુકશાન અટકાવે અને દુષ્કાળની વિપરીત અસરોને ક્રમશઃ મંદ પાડે તે રીતે વોટરશેડ વિસ્તારોમાં જમીન, જળ અને વનસ્પતિ જેવા કુદરતી સંશોધનોનો મહતમ ઉપયોગ કરી આર્થિક વિકાસ વેગીલો બનાવવાની કામગીરી.(૩)રોજગારીની તકો ઉભી કરી માનવસંશાધનો નો વિકાસ કરવો. (૪)સાદા અને પરવડી શકે તેવા તાંત્રિક ઉકેલો અને સ્થાનિક ઉપલબ્ધ તાંત્રિક જાણકારી અને જ્ઞાનનો તથા ઉપલબ્ધ સાધનસામગ્રીના ઉપયોગ દ્વારા સંસ્થાકિય વ્યવસ્થાઓના આધારે કામગીરીઓ કરી પર્યાવરણ સમતુલાને પુનઃ સ્થાપિત કરવા.(૫) લોકોને લાભો સરખા પ્રમાણમાં પુરા પાડવા.

**પસંદગી :** અનાવૃષ્ટિ શકયતા ગ્રસ્ત વિસ્તારો(DPAP)રણ વિસ્તારો(DDP)જંગલવિહોણા પડતર વિસ્તારોમાં ૫૦૦ હેકટર વાળા વોટરશેડની પસંદગી કરવી અને આવરી લેવાયેલ ગામોમાં કામગીરી કરવી. આ ઉપરાંત(૧) જયાં પીવાના પાણીની તીવ્ર અછત હોય.(૨)જયાંSC/STના વસ્તીનો મોટો ભાગ તેમના જીવનનિર્વા માટે આ વિસ્તાર પર આધાર રાખતો હોય(૩) જયા પડતર જમીનો મોટા પ્રમાણમાં હોય(૪) જયા સામુહિકની માલિકીની જમીનો મોટા પ્રમાણમાં હોય(૫) જયા લઘુતમ વેતનો કરતા પણ નોંધપાત્ર રીતે ખરેખર ચુકવવામાં આવતા વેતનદરો ઘણા ઓછા હોય.(૬) જયા નજીકનો વોટરશેડ સંપૂર્ણપણે વિકસાવવામાં આવેલ હોય.

**વ્યુહ રચના :** ૫૦૦ હેકટરનો માઈક્રો વોટરશેડ પ્રોજેકટ દરેક પ્રોજેકટની કિંમત ૨૦ થી ૨૫ લાખની પ્રોજેકટનું અમલીકરણ, પ્રોજેકટ અમલીકરણ એજન્સી મારફત(PIA), ગ્રામ્ય સ્તરે વોટરશેડ સંગઠન અને સમિતી દ્વારા અમલીકરણ અને જાળવણી, વોટરશેડ મલ્ટીડીસીપ્લીનરી એપ્રોચ–જેમાં વન, બાગાયત, પશુપાલન, ખેતી અને સમાજવિદ્યાના નિષ્ણાંતોનો સમાવેશ

**પ્રોજેકટ પસંદગી અને કિંમતઃ** વોટરશેડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ DPAP/DDP. વિસ્તારના આવરેલ જિલ્લા/તાલુકા અને નકકી કરેલ પ્રોજેકટની કિમંત.

| પોગ્રામ | આવરેલ જિલ્લા/તાલુકા | | પ્રોજેકટની કિમંત |
|---|---|---|---|
| | જિલ્લા | તાલુકા | (રૂા. લાખમાં) |
| DPAP | ૧૦ | ૫૨ | ૩૦.૦૦ |
| DDP(હોટ સેન્ડી) | ૩ | ૧૮ | ૩૦.૦૦ |
| DDP(હોટએરીડ ) | ૩ | ૨૯ | ૩૦.૦૦ |

**સંસ્થાકિય વ્યવસ્થા :**

**રાજય સ્તરે :** વોટરશેડ અમલીકરણ અને સમીક્ષા સમિતિ

**જિલ્લા સ્તરેઃ** જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી–વોટરશેડ સલાહકાર સમિતિ વોટરશેડ વિકાસ કાર્યક્રમોના અમલીકરણ અને સુપરવિઝનની કામગીરી સબંધિત DRDA એ કરશે તેઓ વોટરશેડ વિકાસ કાર્યક્રમો મંજૂર કરશે અને પરિયોજના અમલીકરણ એજન્સીની પસંદગી કરશે.જિલ્લા કક્ષાએ વોટરશેડ સલાહકાર સમિતિ રચાશે.

**PIA :** પરીયોજના અમલીકરણ એજન્સી તરીકે સ્વૈચ્છિક સંસ્થા, યુનિવર્સિટી, કૃષિ સંશોધન અને તાલીમ સંસ્થા, નિગમો, સરકારી સંસ્થા, જાહેર અને ખાનગી સાહસો કે જે ચેરીટી કમિશનરશ્રી પાસે રજીસ્ટર થયેલ હોય તે કામગીરી કરી શકશે. જેઓએ વોટરશેડ વિકાસ ટુકડી મારફતે વોટરશેડ કક્ષાએ કામગીરી કરાવશે.

**ગ્રામ્ય સ્તરેઃ** વોટરશેડ સંગઠન જેમાં ઉપભોકતા જૂથો, સ્વાશ્રય જૂથો, અને વોટરશેડ સમિતિ રચાશે.

**વોટરશેડ કક્ષા :** વોટરશેડ સમિતિ કામગીરી કરશે જેમાં ૪–૫ ઉપભોકતા જૂથોના સભ્યો,૩–૪ સ્વાશ્રયી જૂથોના સભ્યો, ૨–૩ ગ્રા.પં.સભ્યો, WDP મેમ્બર

**ગ્રાન્ટની ફાળવણી :** પ્રોજેકટવાર ગ્રાંટની જોગવાઈ ૧૬% પ્રોજેકટ અમલીકરણ એજન્સી ૮૦% ગામ કક્ષાએ વોટરશેડ ટ્રીટમેન્ટ/વિકાસના કામો, ૩ % DRDAએ કક્ષાએ, ૧ % કમિશનરશ્રી કક્ષાએ, PIA ને ૧૬ % નાંણા આપે છે તેમાં ૧૦ % વહીવટી ખર્ચ માટે, ૩.૫ % તાલીમ માટે, ૨.૫ %સંગઠન માટે.

**વોટરશેડ ટ્રીટમેન્ટ / વિકાસના કામો :** તમામ ખેડી શકાય અને ન ખેડી શકાય તેવી જમીનો અને ડ્રેનેજ લાઈનો માટે વોટરશેડ ટ્રીટમેન્ટ કાર્યક્રમો તૈયાર કરવા. આ માટે દરેક નિમ્ન ગુણવતાવાળી જમીન, સરકારી અને ખાનગી તથા સામુહિક માલિકીની જમીનોને વિકાસની કામગીરી માટે આવરી નીચેની પ્રવૃતિઓ હાથ ધરી શકાશે.

(૧)ભૂમિ અને ભેજ સંરક્ષણને લગતી જમીન વિકાસની કામગીરીઓ જેવી કે કન્ટુરબંડીગ,વનસ્પતિજન્ય આડશો, બંધપાળા વિગેરે. (૨)ખેતી આધારિત વનીકરણ અને બાગાયત વિકાસને લગતી કામગીરીઓ (૩)ચરિયાણ ભૂમિ વિકાસને લગતી કામગીરીઓ.

**વૃક્ષ**

માનવ જીવનને પોષતી જેટલી જરૂરીયાતો છે તે પૈકી વૃક્ષની જરૂરીયાત મહત્વની છે. ઘર આંગણે વાડા, ખેતર કે બાગ બગીચામાં વૃક્ષનુ હોવુ અથવા આપ મેળે ઉદ્દભવવુ કે વૃક્ષારોપણથી સ્થળને સુશોભિત કરવુ વગેરે જીવન વ્યવહારને પ્રોત્સાહિત કરનારા પરિબળો છે. આપણા ઘર આંગણે ફળિયામાં લીમડો હશે તો બે ઘડી તેની નીચે બેસી આર્યુવેદિક શાંતિ મેળવશું. એક કટૂ લીમડામાં આટલી શકિત છે તો પણ વૃક્ષોમાં પોતાપોતાની રીતે, પોતાનામાં કેટલી શકિત હશે.

શહેર હોય કે ગામડુ, માનવી માટે વૃક્ષારોપણ એક જીવનનુ અવિભાજય અંગ છે પ્રવૃતિ છે. ગામડામાં રહેતા લોકોમાં એક નજર ફેરવશુ તો આજે પણ શહેરના આધુનિક જીવને ત્યજીને, પર્યાવરણના સિધ્ધાંતને અનુસારતા ભણેલા છતા, ગામઠીભાષાના હિમાયતી લોકો રહે છે. પૂ. ગાંધી બાપૂના વિચારોના પથદર્શકો આજે પણ ઘણા ગામડામાં વસે છે. તેઓ પાસે હિંદુસ્તાનનો ઉધ્ધાર શહેરોમાં નહિ પણ ગામડાની ગલીઓમાં છે. તેવા સુંદર વિચારો છે અને મૂર્તિમંત કરવાના હેતુ તથા ગ્રામોધ્ધારના વિકાસ હેતુ વૃક્ષ એજ માધ્યમ છે અને વૃક્ષારોપણથી ગામડાને સમૃધ્ધ કરવા હેતુ આ સુંદર અભિગમ અપનાવવો અનિવાર્ય છે. વૃક્ષ આપણુ જીવન છે. આપણો શ્વાસ છે, અને તેથી કહી શકાય કે

" કૂંપળોના પ્રસવથી, ડાળીઓ હરખાય છે,
વૃક્ષો બધા સાથે મળી, ગીતો ઉમંગના ગાય છે "

**કનુભાઈ દવે – અમરેલી**

**સંસ્થા સમાચાર**

**વિશ્વ એઈડઝ દિવસની ઉજવણી**

(૧)સંસ્થા દ્વારા અમરેલી/લાઠીમાં ચાલતા સહભાગી જાતિય આરોગ્ય કાર્યક્રમ હેઠળ ૧લી ડિસેમ્બરે વિશ્વ એઈડઝ દિવસની ઉજવણી કરેલ. જેમાં લાઠીમાં એઈડઝ હટાવો જીવન બચાવો, એઈડઝનો રોગી મોતનો ભોગી જેવા સૂત્રોચાર સાથે કલાપી હાઈસ્કુલના બાળકોની એક રેલી કાઢવામાં આવેલ, તેમજ બન્ને કાર્યક્રમમા 'અનંત' નામની વિડીયો ફિલ્મ બતાવવામાં આવેલ. આ કાર્યક્રમોમાં કલાપી હાઈસ્કુલના પ્રિન્સીપાલશ્રી પાનસુરીયા સાહેબ, નગર સેવક ધીરૂભાઈ રીજીયા, કોમર્સ કોલેજના પ્રોફેસરશ્રી જે એમ. તળાવિયા, શ્રી જયસુખભાઈ કયાડા, કુ.પુનમ ત્રિવેદી, કુ. અલ્પા જોષી, સંસ્થાના પ્રમુખશ્રી ધીરેનભાઈ વાગડીયા, શ્રીમતિ કંચનબેન વાગડીયા, PSH પ્રોજેકટના પ્રોજેકટ ઓફિસર સુરેન્દ્રનાથ નાયક, કાઉન્સેલર, આઉટરીચ વર્કર, પિયર એજયુકેટર વિ. ઉપસ્થિત રહયા હતા.

(૨) સંસ્થા દ્વારા ૧૪૦ SHG જૂથોની રચવામાં આવેલ. આ જૂથો પૈકીના નાનૂડી, લાસા, ભાવરડીના ૨૦ જૂથોની મુલાકાત નાબાર્ડના મેનજરશ્રી કે.કે. બાગુલે ૧૯ ડિસેમ્બરના રોજ લીધી હતી. જેમાં જૂથો સક્ષમ બનાવી તેની આવક વધારવા તથા લોનકેસ અંતર્ગત જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ.

**હરિરાજ**

(૧)હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વ એઈડઝ દિવસની ઉજવણી તા. ૩ ડીસેમ્બરના રોજ ૪ શાળાઓમાં કરવામાં આવી હતી. મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કુલ, બંસીધર વિદ્યાલય, યુનીટી હાઈસ્કુલ, એમ. વી. પટેલ કન્યા વિદ્યાલયમા HIV/AIDS વિષય પર વકતૃત્વ, નિબંધ સ્પર્ધા, પ્રદર્શન, વિડીયો શો રાખેલ જેમાં ૮–૯–૧૦ ધોરણના ૯૦૦ વિદ્યાર્થી ભાઈ/બહેનોએ HIV/AIDS વિશે માર્ગદર્શન મેળવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ડો. પ્રવીણ કોઠીયા, કોમર્સ કોલેજના પ્રિન્સીપાલશ્રી સી. વી. પાનસુરીયા સાહેબ, પ્રો. જે. એમ. તળાવિયા, શ્રી બિપીનભાઈ જોષી, મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કુલના પ્રિન્સીપાલ શ્રીમતિ ભારતીબેન મહેતા, બંસીધર વિદ્યાલયના પ્રિન્સીપાલશ્રી, યુનીટી હાઈસ્કુલના પ્રિન્સીપાલશ્રી પંડયા સાહેબ, એમ. વી. પટેલ કન્યા વિદ્યાલયના ગૃહમાતા મીતાબેન વઘાણી, ગેપ સંસ્થાના કાર્યકરશ્રી પંકજ પટેલ, શ્રી હર્ષદ જાની, સંસ્થાના પ્રમુખશ્રી ધીરેનભાઈ વાગડીયા, શ્રીમતિ કંચનબેન વાગડીયા, PSH પ્રોજેકટના પ્રોજેકટ ઓફિસર સુરેન્દ્રનાથ નાયક, દરેક સ્કુલના શિક્ષકગણ તથા સંસ્થાના કાર્યકતાઓએ ઉપસ્થિત રહી આ કાર્યક્રમની ઉજવણીમાં સામેલ થયા હતા. તેમજ આ કાર્યક્રમમાં ૧૪ શાળાઓમાંથી ૯ શાળામાં ડિસેમ્બર ૨૦૦૧ દરમ્યાન કલાસરૂમ ઈન્ટરવેન્શન શરૂ કરેલ છે. જેમાં પર્યાવરણ અને સ્વાસ્થ્ય, શપથ વિડીયો ફિલ્મ, વોલ ચાર્ટ દ્વારા HIV/AIDS માહિતી તથા વાર્તા અને પ્રશ્નાવલીને આવરી લઈ આ કાર્યક્રમ ત્રણ તબકકામાં પૂર્ણ કરેલ જેમાં ૯૫૦ જેટલા વિદ્યાર્થીઓએ માર્ગદર્શન મેળવ્યુ હતુ.

(૨)હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલી જીલ્લાના ચિતલ, જસવંતગઢ, ટીબા, નાના માચીયાળા, ગીરીયા આ પાંચ ગામોમાં પ્રજનન અને બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ **(RCH)** શરૂ કરેલ છે. જેમાં પોષણ અને રસીકરણ, PHC આરોગ્ય કાર્યકરોની મીટીગ, આંગણવાડી કાર્યકરોની મીટીગ, ગ્રામિણ મહિલાઓ સાથે શિક્ષણ અને સ્તનપાનની મીટીગ, ૦ થી ૬ વર્ષના બાળ કોના વાલી સાથે રસીકરણ અને બાળ આરોગ્યની મીટીગ, રેલી કાઢવી તેમજ વીડીયો શો જેવા કાર્યક્રમોને આવરી લઈ સંસ્થાના કાર્યકર બહેનો શ્રીમતિ જાગૃતિબેન જનવાર તથા કુ. સીમા સાવલિયાએ કામગીરી શરૂ કરેલ છે.

# ટપક

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર**

**વર્ષ :૩ અંક : ૧૨ ડિસેમ્બર,૨૦૦૧**

**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
કંચનબેન વાગડિયા
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા
મમતા ગૌસ્વામી
વિજયાબેન કુંકવાવ
રેખાબેન દોંગા


## ડો. રેડીયમ ભટ્ટાચાર્ય, ડાયરેકટર, ગેપ ISRCDE

ડો. રેડીયમ ભટ્ટાચાર્ય ભારતમાં છેલ્લા ઘણા વર્ષોથી HIV/AIDS અને ગુપ્તરોગોની બાબતે જાગૃતિ તથા રોકથામના કાર્યોની આગવી રીતે પહેલ કરનારા પ્રથમ સન્નારી છે, એક વૈજ્ઞાનિક તરીકે આંતર રાષ્ટ્રીય કેન્સરસંશોધનના કાર્યમાં પણ તેમનુ બહુમૂલ્ય પ્રદાન છે. ૧૯૬૭ માં કલકતા યુનિર્વસીટીમાંથી પી. એચ. ડી.ની પદવી હાસલ કર્યા બાદ તેઓ પેરીસ યુનિર્વસીટીમાં વિશેષ સંશોધન કાર્ય અર્થે વિવિધ પરદેશી યુનિર્વસીટીઓમાં અધ્યાપન અને સંશોધન કાર્ય કર્યુ. સંસ્કૃતિક રોગો તેમજ પર્યાવરણ પર સંશોધન કરતા આંતર રાષ્ટ્રીય સંસ્થા (ISRCDE - INTERNATIONAL SOCIETY FOR RESEARCH ON CIVILIZATION DISEASES AND ON ENVIORMENT)ના આમંત્રણને લઈને ૧૯૮૪ માં ભારત ખાતે તેના એકમની સ્થાપના કરી.કેન્સર પરના સંશોધન કાર્ય દરમ્યાન તેઓને પર્યાવરણની અસર અને જીવનશૈલીને લઈ ઉદ્દભવતી ભયાનક માનવીય પરિસ્થિતી વિશે વાકેફ થવાની ખાસ જરૂરીયાત જણાઈ, જેના સંદર્ભે તેમાં વૈજ્ઞાનિક જ્ઞાન ઉપરાંત સામાજીક પ્રતિબધ્ધતા તથા સંલગ્નતા જરૂરી બની, તેમણે જયારે HIV/AIDSને સમાજ સામેનો "પડકાર" તરીકે ઓળખાવ્યો એ સમયે એઈડઝના પડકારનો સામનો કરવા બહુ ઓછા લોકો સક્ષમતા તેમજ તૈયારી ધરાવતા હતા તેમજ તેની સંભવિત અસરોને મુલવી શકે તેવા હતા આ પરિસ્થિતિ સામે "ગેપ" ની સ્થાપના ૧૯૮૯માં થઈ, ત્યારે ભારતમાં એઈડઝની સંભવિત અસરોની રોકથામ માટે જાગૃતિ અને વર્તન બદલાવ સંવાદ જેવા અગત્યના શસ્ત્રો જણાયા અને આ રીતે ગેપ દ્વારા સંશોધન અને એઈડઝ અંગે જાગૃતિ અને રોકથામ કાર્યો શરૂ થયા.ગેપ દ્વારા સામાજીક અને ધંધાદારી જુથો પર સૌ પ્રથમ ધ્યાન કેન્દ્રિત કરાયુ કે તેઓ HIVનો ત્વરીત ભોગ બને છે તથા કે જેઓ એઈડઝ સામેની રોકથામમાં વધુ અસરકારકતાથી ફાળો આપી શકે છે. એઈડઝ સામેની પ્રતિક્રિયામાં અગત્યના સંરક્ષકો તરીકે નવીન તેમજ વ્યહાત્મક તાલીમ તેમજ પરામર્શ કાર્યક્રમ હતા આ ઉપરાંત ડો. રેડીયમ ભટ્ટાચાર્યએ ગુજરાત ભારત તેમજ વિદેશોમાંથી ગેપના કાર્ય માટે ભાગીદારો સ્વયંસેવકોને સંયોજીને આ રોગ સામે લડવા માટે યોગ્ય વાતાવરણ ઉભુ કરીને સાબિત કર્યુ કે ભયાનક અજ્ઞાનતા તેમજ અપુરતા સાધનો, સ્ત્રોતો સામે અસરકારક રીતે કેવી રીતે કામ કરી શકાય છે. તેમણે સેવાભાવી યુવાન વ્યવસાયિકો તેમજ સમર્પિત સ્વયંસેવકોનુ એક ખાસ જુથ બનાવ્યુ સાથે સાથે ભાગીદારી સંસ્થાઓ તથા લક્ષીત સમુદાયના રોગગ્રસ્ત તેમજ ભેદભાવનો ભોગ બનેલા વ્યકિતઓને સામેલ કર્યા. લોકો તથા કુટુંબો જેઓ એચઆઈવી યુકત વ્યકિતઓ સાથે રહે છે. ધંધાદારી રકતદાતાઓ, વેશ્યાઓ, દાકતરી વ્યવસાયિકો,શિક્ષકો, યુવાનો ગેપની સામાજીક પરિવતર્નની દિશામાં જોતરાયા. આ બધા જુથો તાલીમ અને પરામર્શ કાર્યક્રમ દ્વારા તાલીમબધ્ધ થયા કે જે તાલીમ કાર્યક્રમો ગેપના રાષ્ટ્રીય HIV/AIDS રોકથામ અભિયાનમાં અગત્યનો ફાળો આપનારમહત્વના શસ્ત્રો રહયા છે. ગેપનો અનુભવ તથા ડો.રેડીયમનુ જ્ઞાન તેમજ માર્ગદર્શન આજે દેશ તથા વિદેશમાં HIV/AIDS ના ચળવળકારોને વિશેષ રીતે લાભાન્વીત કરી રહયુ છે. ભારતમાં HIV/AIDS પરકામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓનુ સંગઠન એવા INN(Indian Network of NGO 's)ના પ્રમુખ એવા સુશ્રીડો. રેડીયમ ભટ્ટાચાર્ય માનવીય પીડાના ક્ષેત્રમાં વણથંભી રાતે કાર્યરત છે. જે દર્શાવે કે કોઈનો સૌથી અગત્યનો પ્રતિભાવએ અનુભવ, જ્ઞાન અને કરૂણા વ્યકત કરવાનો છે.

ડો. રેડીયમ ભટ્ટાચાર્યને બેસ્ટ સીટીઝન એવોર્ડ ૧૯૯૯ ઈન્ટરનેશનલ પબ્લીસીગ હાઉસ દ્વારા HIV/AIDS અને સ્વાસ્થ્ય અંગે મહત્વની જાણકારી, સમજ તથા યોગદાન આપવાને કારણે આપણને ઘણો ઉત્પાતકીય ફાળો આપવા બદલ, તેમજ તેઓએ લોકોમાં જાગૃતિ લાવવા માટે સરસ માળખુ કે વાતાવરણ તૈયાર કર્યુ છે. તે બદલ આપવામાં આવ્યો છે. તથા કુટુંબો જેઓ HIV યુકત વ્યકિતઓ સાથે રહે છે, ધંધાદારી રકતદાતાઓ, વેશ્યાઓ, દાકતરી વ્યવસાયીકો,આવ્યો છે. ડો. રેડીયમ ભટ્ટાચાર્યને તેમણે આરોગ્ય ક્ષેત્રે જે મહત્વનુ યોગદાન આપવા બદલ જયહિદ ગ્રૃપ તરફથી, ધ સખી—શકિત એવોર્ડ ૧૯૯૯માં આપવામાં આવ્યો હતો. ડો. રેડીયમ અમદાવાદમાં રહે છે. અને તેઓ સંશોધન કાર્ય માટે યુરોપ અને જાપાન સાથે સંકળાયેલા છે.

**સસ્તી સિધ્ધ સરવાળે મોંઘી પડે છે**